આદિ શંકરાચાર્ય વિરચિત

# ભજ ગોવિંદમ્

ગુજરાતી અનુવાદ

**શ્રી ગોર**




આદિ શંકરાચાર્ય વિરચિત

# ભજ ગોવિંદમ્

ગુજરાતી અનુવાદ

**શ્રી ગોર**



**શ્રી ગોર આશ્રમ**

મુ. ખરેડા, તા. જી. મોરબી, પીન : ૩૬૩ ૬૪૧

e: shreegorji@yahoo.com

# ભજ ગોવિંદમ્

પ્રથમ આવૃતિ : ૧૦૦૦
વર્ષ-૨૦૦૦

દ્વિતીય આવૃત્તિ : ૧૦૦૦
વર્ષ-૨૦૧૩

તારીખ : ૨૯/૧૨/૨૦૧૩
શ્રી રમણ મહર્ષિ જન્મ જયંતિ નિમિતે.

મૂલ્ય : **સદ્ભાવના**



પ્રાપ્તિ સ્થાન :

**શ્રી ગોર આશ્રમ**

મુ. ખરેડા, તા. જી. મોરબી,
પીન : ૩૬૩ ૬૪૧
e: shreegorji@yahoo.com

# भज गोविन्दम्

**भज गोविन्दम् भज गोविन्दम्, गोविन्दम् भज मूढ मते ।**
**संप्राप्ते सन्निहिते काले, न हि न हि रक्षति डुकृकरणे ।।१।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

કાળ આવશે ત્યારે "**कृ**" ધાતુનાં ગોખેલા રૂપ કામ નહીં આવે માટે હે મૂઢ! તું ગોવિંદને ભજ, ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**मूढ जहीहि धनागमतृष्णां, कुरु सद्बुद्धि मनसि वितृष्णाम् ।**
**यल्लभसे निजकर्मोपातं, वितम् तेन विनोदय चितम् ।।२।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

હે મૂઢ! ધનની પાછળ દોડ માં. મનને વૈરાગી બનાવ. તારા નશીબ પ્રમાણે જે મળે તેમાં સંતોષ રાખ અને ગોવિંદને ભજ!!

**नारी स्तनभर नाभी देशं, दृष्टवा मा गा मोहावेशम् ।**
**अेतन् मांस वसादि विकारं, मनसि विचिन्तय वारं वारं ।।३।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

સ્ત્રીનાં શરીરને જોઈને મોહાવેશમાં આવવાને બદલે વારંવાર મનથી એમ વિચારીને કે "આ તો માંસ-મજ્જાનો વિકાર માત્ર છે" તું ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**नलिनी दल गत जलमति तरलं, तद्वज्जीवितम् अतिशय चपलं।**
**विद्धि व्याधि अभिमान ग्रस्तं, लोकं शोकहतं च समस्तम् ।।४।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

કમળની પાંખડી પર પાણીનું ટીપું ક્ષણ ભર જ રહે છે. જીવન પણ આવું જ ક્ષણભંગુર છે. જગત આખું રોગ અને અભિમાનથી ઘેરાયેલું અને શોકથી હણાયેલું છે. માટે ગોવિંદને ભજ!!

**यावत् वितोपार्जन सक्तः, तावत निज परिवारो रक्तः ।**
**पश्चात् जीवति जर्जर देहे, वार्तां कोऽपि न पृच्छतिगेहे ।।५।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

જયાં સુધી પૈસા કમાઈને આપે છે ત્યાં સુધી કુટુંબ પરિવારને મોહ રહે છે. પાછળથી દેહ જર્જર થશે ત્યારે ઘરનાં કોઈ ભાવ નહીં પૂછે, માટે ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**यावत् पवनो निवसति देहे, तावत् पृच्छति कुशलं गेहे ।**
**गतवति वायौ देहापाये, भार्या बिभ्यति तस्मिन्काये ।।६।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

જ્યાં સુધી દેહમાં પવન છે ત્યાં સુધી સૌ કોઈ 'કેમ છો' એમ પૂંછશે. દેહમાંથી વાયુ નીકળી ગયે તારી પત્ની જ તારી કાયા જોઈ ભડકશે માટે ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**बालः तावत् क्रीडासक्तः, तरुणः तावत् तरुणीरक्तः ।**
**वृद्धः तावत् चिन्तामग्नः, परे ब्रह्मणि कोऽपि न लग्नः ।।७।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

બાળપણ રમવામાં ચાલ્યું જાય છે. યુવાની સ્ત્રીનાં મોહમાં ચાલી જાય છે. ઘડપણ ચિંતામાં ચાલ્યું જાય છે. પણ બ્રહ્મની ઉપાસનામાં જીવ ક્યારેય જોડાતો નથી, માટે, હવે, ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**का ते कान्ता कस्ते पुत्रः, संसारोऽयम अतिव विचित्रः ।**
**कस्य त्वं कः कुत आयातः, तत्त्वं चिन्तय मनसि भ्रातः ।।८।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

કોણ તારી સ્ત્રી અને કોણ તારો પુત્ર ? આ સંસાર અતિ વિચિત્ર છે. તું કોનો ? તું કોણ અને ક્યાંથી આવ્યો ? ભાઈલા, આ બધાનો વિચાર કર અને ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**सत्संगत्वे नि:संगत्वम्, नि:संगत्वे निर्मोहत्वम् ।**
**निर्मोहत्वे निश्चल तत्त्वं, निश्चल तत्त्वे जीवन मुक्ति: ।।९।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

સત્સંગથી નિઃસંગપણુ આવે છે. નિઃસંગપણાથી નિર્મોહપણુ પ્રગટે છે. નિર્મોહી થયે નિશ્ચય દ્રઢ થાય છે. નિશ્ચલતાથી જીવન મુક્તિ સુધી પહોંચાય છે. માટે તું ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**वयसि गते कः काम विकारः, शुष्के नीरे कः कासारः ।**
**क्षीणे वित्ते कः परिवारो, ज्ञाते तत्त्वे कः संसारः ।।१०।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

ઉંમર થયે કામવિકાર કેવો ? પાણી વિનાનું તળાવ કેવું ? પૈસો–ટકો ન રહે ત્યારે કુટુંબ–પરિવારમાં કોણ કોનું ?

આત્મજ્ઞાન થયે સંસાર કેવો ? માટે તું ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**मा कुरु धन जन यौवन गर्वम्, हरति निमेषात् कालः सर्वम् ।**
**मायामयमिदमखिलम् बुध्वा, ब्रह्मपदं त्वं प्रविश विदित्वा ।।११।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

ધનનો, માણસોનો, અને જુવાનીનો ગર્વ ન કર કારણ કે કાળ પલકારામાં આ બધુ ઝુંટવી લેશે. માટે આ બધું માયામય જાણી તું બ્રહ્મપદમાં પ્રવેશી ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**दिन यामिन्यौ सायं प्रातः, शिशिर वसन्तौ पुनः आयातः ।**
**कालः क्रीडति गच्छति आयुः, तदपि न मुच्चति आशा वायु ।।१२।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

રાત ને દિવસ, સવાર ને સાંજ આવે છે ને જાય છે. શિશિર વસંતઋતુ પણ ફરી ફરીને આવે છે. આમ કાળ આપણા આયુષ્ય સાથે રમત રમે છે તો પણ આશા રૂપી વાયુ છૂટતો નથી. માટે ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**का ते कान्ता धनगतचिन्ता, वातुल किं तव नास्ति नियन्ता ।**
**त्रिजगति सज्जनसंगतिः अेका, भवति भवार्णव तरणे नौका ।।१३।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

સ્ત્રી અને ધનની ચિંતા તું નકામી શાને કરે છે ? વાયડો થા માં! શું તારું ધ્યાન રાખનારા નિયંતા (પરમાત્મા) નથી ? ત્રણેય લોકમાં એકમાત્ર સજ્જનનાં સંગથી જ ભવપાર ઉતરી શકાય છે માટે ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**जटिलो मुन्डी लुच्चित केशः, काषाय अम्बर बहुधृत वेषः ।**
**पश्यन् अपि च न पश्यति मूढः**
**हि उदर निमितं बहु कृत शोकः ।।१४।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

જટા વધારે કે મુંડન કરે, વાળ ચુંટાવે કે ભગવા પેરે – આ બધુ પેટ ભરવા માટે ધૂતવાનાં વેષ છે. પેટ માટે શોક કરનારા આવા મૂઢ દેખતાં છતા આંધળા છે માટે તું ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**अंगम् गलितं पलितं मुंडम्, दशन विहीनं जातं तुंडम् ।**
**वृद्धो याति गृहित्वा दंडं, तदपि न मुच्चति आशा पिंडम् ।।१५।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

અંગ ગળવા લાગ્યુ, માથે પળીયા આવ્યા, મોઢું દાંત વીનાનું થઈ ગયું. ઘરડો થયો અને લાકડીને ટેકે ચાલે છે તો પણ, હે મૂઢ! હજી આશા છોડતો નથી!!! હવે તો, ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**अग्रे वह्निः पृष्ठे भानूः, रात्रौ चिबुक समर्पित जानुः ।**
**करतल भिक्षा तरुतल वास**
**तदपि न मुच्चति आशा पाशः ।।१६।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

આગળ અગ્નિને પાછળ સૂર્ય, એ રીતે તપ માટે બેસે છે. રાત્રે ટાઢનાં ઢીંચણ હડપચીને અડે એવી રીતે ઠરે છે, હાથમાં ભિક્ષા માંગી ખાય છે ને ઝાડવા નીચે સુઈ રહે છે, પણ આશા રૂપી બંધનને છોડતો નથી. હે મૂઢ! ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**कुरुते गंगा सागर गमनं, व्रत परिपालनं अथवा दानं ।**
**ज्ञानविहीनः सर्व मतेन, मुक्तिं न भजति जन्मशतेन ।।१७।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

ગંગા સાગરમાં ન્હાવા જાય, વ્રત કરે કે દાન કરે પરંતુ આત્મજ્ઞાન વિના મુક્તિ નથી એવો સર્વ શાસ્ત્રોનો મત છે, માટે તું ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**सुर मंदिर तरु मूल निवासः, शय्या भूतलं अजिनं वासः ।**
**सर्व परिग्रह भोग त्यागः, कस्य सुखं न करोति विरागः ।।१८।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

દેવ મંદિરે કે વૃક્ષ નીચે નિવાસ છે, જમીન પર સુઈ રહે છે ને વ્યાઘ્રાંબર પહેરે છે, સર્વ ભોગ અને પરિગ્રહ છોડી દીધા છે એવા વૈરાગ્યવાનને કયું સુખ નથી ? (બધા જ સુખ છે) માટે, ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**योगरतो वा भोगरतो वा, संगरतो वा संगविहीनः ।**
**यस्य ब्रह्मणि रमते चित्तं, नन्दति नन्दति नन्दति एव ।।१९।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

યોગમાં રત હોય કે ભોગમાં, સંગમાં હોય કે સંગવિહીન, જેનું ચિત બ્રહ્મમાં રમણ કરે છે તે આનંદ જ કરે છે, આનંદ જ કરે છે, આનંદ જ કરે છે. માટે ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**भगवद् गीता किंचिदधीता, गंगाजललवकणिका पीता ।**
**सकृत अपि येन मुरारि समर्चा**
**क्रियते तस्य यमेन न चर्चा ।।२०।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

થોડી-ઘણી ભગવદ્ ગીતા વાંચી હોય કે ગંગાજલનું ટીપું મોઢામાં નાખ્યું હોય કે એકાદવાર પણ ભગવાનને સમર્યા હોય એનું નામ યમ પણ લેતા નથી, માટે ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**पुनरपि जननं पुनरपि मरणं, पुनरपि जननी जठरे शयनम् ।**
**इह संसारे बहु दुस्तारे, कृपया अपारे पाहि मुरारे ।।२१।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

ફરી ફરીને જન્મવાનું અને ફરી ફરી મરવાનું છે. વળી ફરી ફરી માતાનાં ઉદરમાં સુવાનું છે. આ જન્મ-મરણ રૂપી સંસાર

તરવો બહુ અઘરો છે. ભગવાનની કૃપા હોય તો જ પાર ઉતરાય, માટે ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**रथ्याचर्पट विरचित कन्थः, पुण्य अपुण्य विवर्जित पन्थः ।**
**योगी योग नियोजित चितो, रमते बाल उन्मतवत् एव ।।२२।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

રસ્તે ફેંકી દીધેલા લુગડાની કંથા પહેરી અને પાપ-પૂણ્ય બેય તજીને યોગી યોગમાં ચિતને નિયોજીત કરતો બાળક કે ગાંડાની જેમ બેફીકર ફરતો રહે છે. હે મૂઢ! ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**कः त्वं कोऽहं कुत आयातः, का मे जननी को मे तातः ।**
**इति परिभावय सर्वम् असारं, विश्वं त्यक्त्वा स्वप्न विचारम् ।।२३।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

કોણ તું અને કોણ હું ? ક્યાંથી આવ્યા ને ક્યાં જવાના ? કોણ મારી મા ને કોણ મારો બાપ ? આ પ્રશ્નો ઉપર વિચાર કરીએ તો બધુ અસાર લાગે છે માટે સંસારને સ્વપ્ન ગણી ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**शत्रौ मित्रे पुत्रे बन्धौ, मा कुरु यत्नं विग्रहसन्धौ ।**
**सर्वस्मिन अपि पश्यात्मानं, सर्वत्र उत्सृज भेद अज्ञानं ॥२४॥**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

શત્રુ–મિત્ર–પુત્ર કે બાંધવ, આ બધા સાથે સંધિ કે વિગ્રહ કરવાનો યત્ન ન કરવો. પરંતુ બધામાં પોતાના આત્માને જ જોવો. આ રીતે ભેદાભેદી છોડી, ગોવિંદને ભજવા, ગોવિંદને જ ભજવા!!

**कामं क्रोधं लोभं मोहं, त्यक्त्वा आत्मानं पश्यति सोहम् ।**
**आत्मज्ञान विहीना मूढाः, ते पच्यन्ते नरकनिगूढाः ॥२५॥**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

જે કામ, ક્રોધ, લોભ અને મોહને ત્યજે છે તેને પોતાના આત્માનાં દર્શન થાય છે. આત્મજ્ઞાન વિનાના મૂઢ લોકો તો નરકમાં જ જાય છે માટે તું ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**गेयं गीता नाम सहस्त्रं, ध्येयं श्रीपति रूपमजस्रं ।**
**नेयं सज्जन संगे चितं, देयं दीनजनाय च वितम् ॥२६॥**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

ગાવું હોય તો ગીતા ગાઓ કે વિષ્ણુ સહસ્ત્ર નામ ગાઓ. દ્રષ્ટિ સદા ભગવાનનાં રૂપ તરફ રાખો. ચિત સજ્જનનાં સંગમાં રાખો ને ધનથી ગરીબ-ગુરબાને મદદ કરો. સાથે ગોવિંદને ભજો, ગોવિંદને ભજો!!

**सुखतः क्रियते रामाभोगः, पश्चात् हन्त शरीरे रोगः ।**
**यद्यपि लोके मरणं शरणं, तदपि न मुच्यति पापाचरणम् ।।२७।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

સુખે સ્ત્રીનો ભોગ કર્યા કર્યો અંતે શરીર રોગથી હણાયું. આ લોકમાં બધાને મરણને શરણ થવાનું જ છે તો પણ પાપનું આચરણ છુટતું નથી, માટે ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**अर्थ अनर्थं भावय नित्यं, नास्ति ततः सुखलेशः सत्यम् ।**
**पुत्रात् अपि धन भाजां भीति,**
**सर्वत्र एसा विहिता रीतिः ।।२८।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

પૈસો અનર્થનું મૂળ છે એવો ભાવ નિત્ય રહેવો જોઈએ. પૈસામાં લેશ માત્ર સુખ નથી એ સત્ય છે. પૈસા હોય તો સગા દિકરાથી પણ ભય રહે છે. આવી રીત-રસમ સર્વત્ર જોવા મળે છે. માટે તું ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**प्राणायामं प्रत्याहारं, नित्य अनित्य विवेक विचारम् ।**
**जाप्य समेत समाधि विधानं**
**कुरू अवधानं महत् अवधानम् ।।२९।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

હવે રોજ કરવાનો અભ્યાસ કહેવાય છેઃ પ્રાણાયામ, પ્રતિક્રમણ અને નિત્ય–અનિત્યનો વિચાર હંમેશ કરવો. જપ કરવા અને સમાધિ દશા સાધવી. આ બધુ ધ્યાન દઈને, ખુબ ધ્યાન દઈને કરવું. માટે, હે મૂઢ! ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

**गुरु चरणाम्बुज निर्भर भक्तः, संसारादचिरात् भव मुक्तः ।**
**सेन्द्रिय मानस नियमात् एवं,**
**द्रक्ष्यसि निज हृदयस्थं देवम् ।।३०।।**
**(भज गोविन्दम् भज गोविन्दम्)**

ગુરૂના ચરણામૃત પર નિર્ભર ભક્ત સંસારને ચીરીને મુક્તિને પામે છે. આવો ભક્ત ઈંદ્રિયો અને મનને નિયમમાં લાવીને પોતાના હ્રદયમાં બેઠેલા દેવનાં દર્શન કરે છે. માટે હે મૂઢ! તું ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!!

# आत्मषट्क

मनोबुद्ध्यहंकार चित्तानि नाहं
न च श्रोत्रजिह्वे न च घ्राणनेत्रे ।
न च व्योमभूमिर्न तेजो न वायुः
चिदानन्दरूपः शिवोऽहम् शिवोऽहम् ।।१।।

न च प्राणसंज्ञो न वै पंचवायुः
न वा सप्तधातुर्न वा पंचकोशः ।
न वाक् पाणिपादौ न चोपस्थपायू
चिदानन्दरूपः शिवोऽहम् शिवोऽहम् ।।२।।

न मे द्वेषरागौ न मे लोभमोहौ
मदो नैव मे नैव मात्सर्यभावः ।
न धर्मो न चार्थो न कामो न मोक्षः
चिदानन्दरूपः शिवोऽहम् शिवोऽहम् ।।३।।

न पुण्यं न पापं न सौख्यं न दुःखं
न मन्त्रो न तीर्थं न वेदा न यज्ञाः ।
अहं भोजनं नैव भोज्यं न भोक्ता
चिदानन्दरूपः शिवोऽहम् शिवोऽहम् ।।४।।

न मे मृत्युशंका न मे जातिभेदः
पिता नैव मे नैव माता न जन्म ।
न बन्धुर्न मित्रं गुरुर्नैव शिष्यः
चिदानन्दरूपः शिवोऽहम् शिवोऽहम् ।।५।।

अहं निर्विकल्पो निराकाररूपो
विभुर्व्याप्य सर्वत्र सर्वेन्द्रियाणाम् ।
सदा मे समत्वं न मुक्तिर्न बन्धः
चिदानन्दरूपः शिवोऽहम् शिवोऽहम् ।।६।।

•••●••

# भवानी अष्टकम्

न तातो न माता न बन्धुर्न दाता
न पुत्रो न पुत्री न भृत्यो न भर्ता ।
न जाया न विद्या न वृत्तिर्ममैव
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ।।१।।

भवाब्धावपारे महादुःखभीरुः
पपात प्रकामी प्रलोभी प्रमत्तः ।
कुसंसारपाशप्रबद्धः सदाहं
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ।।२।।

न जानामि दानं न च ध्यानयोगं
न जानामि तन्त्रं न च स्तोत्रमन्त्रम् ।
न जानामि पूजां न च न्यासयोगं
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ।।३।।

न जानामि पुण्यं न जानामि तीर्थं
न जानामि मुक्तिं लयं वा कदाचित् ।
न जानामि भक्तिं व्रतं वापि मातः
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ।।४।।

कुकर्मी कुसंगी कुबुद्धिः कुदासः
कुलाचारहीनः कदाचारलीनः ।
कुदृष्टिः कुवाक्यप्रबन्धः सदाहं
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ।।५।।

प्रजेशं रमेशं महेशं सुरेशं
दिनेशं निशीथेश्वरं वा कदाचित् ।
न जानामि चान्यत् सदाहं शरण्ये
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ।।६।।

विवादे विषादे प्रमादे प्रवासे

जले चानले पर्वते शत्रुमध्ये ।

अरण्ये शरण्ये सदा मां प्रपाहि

गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥७॥

अनाथो दरिद्रो जरारोगयुक्तो


महाक्षीणदीनः सदा जाड्यवक्त्रः ।

विपत्तौ प्रविष्टः प्रणष्टः सदाहं

गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥८॥

•••••

શ્રી રમણ મહર્ષિ



**શ્રી ગોર આશ્રમ**

મુ. ખરેડા, તા. જી. મોરબી, પીન : ૩૬૩ ૬૪૧
e-mail: shreegorji@yahoo.com